હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



બહેનો... આજનાં આપણાં ગેસ્ટ... તમને કેરીનાં નાના, નાના, નાના ટુકડા કરી તપેલામાં નાખી ધાબા પર તડકામાં એક મહિના સુધી રાખી, દિવસમાં ત્રણવાર ચેક કરવા જવાથી તમને ડિપ્રેશનમાંથી મુક્ત કરાવી શકવાનો કિમીયો બતાવશે...

રાજ્ય સરકારની સહાય વિના જળ સંચયમાં જોતરાતું જાખોરા ગામ

ગાંધીનગર જિલ્લાના જાખોરા ગામમાં જળ સંચયના તળાવના કામની મુલાકાત લેતાં મુખ્ય સચિવ ડો. જે. એન. સિંઘ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લાનું નાનકડું જાખોરા ગામ ૨૭૦ જેટલા ખેડૂત ખાતેદારો ધરાવે છે. રાજય સરકારના સુજલામ્ સુફલામ્ જળ અભિયાન અન્વયે જાખોરા ગામે સ્વયંભુ અને સ્વૈચ્છિક રીતે જળ સંચયના કામમાં જોતરાઈને જન અભિયાનથી તળાવ ઉંડુ કરવાનું કાર્ય હાથ ધરી અનેરૂ ઉદાહરણ પુરું પાડયું છે. જાખોરા ગામમાં રૂપિયા ૧.૨૬ લાખના ખર્ચે તળાવ ઉંડુ કરવાની જવાબદારી ગામની સહકારી મંડળીએ ઉપાડી લઈને બે જેસીબી મશીન, ૪ ડમ્પર અને ૪ ટ્રેકટર દ્વારા જળ સંચયનું કામ હાથ ધર્યું છે. આ કામ પંદર દિવસમાં પૂર્ણ કરાશે. જેનાથી ૧.૨૫ મિલીયન કયુબિક ફીટ પાણીનો સંગ્રહ થશે.

રાજયના મુખ્ય સચિવ ડૉ. જે.એન. સિંઘ અને ગાંધીનગર જિલ્લા કલેકટર એસ.કે. લાંગાએ જાખોરા તળાવ ઉંડુ કરવાના કામનો શુભારંભ કરાવ્યો હતો. મુખ્ય સચિવ ડૉ. જે.એન. સિંઘે જણાવ્યું હતું કે, જળ સંચય અભિયાન રાજયભરમાં જન આંદોલન બન્યું છે, જેનું ઉદાહરણ આ નાનકડું જાખોરા ગામ છે. રાજય સરકારની સહાય લીધા વગર સ્વયંભુ ગ્રામજનોએ આ તળાવ ઉંડુ કરવાનું કાર્ય કરવા બદલ ગ્રામજનોને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, નાનકડું આ જાખોરા ગામ આર્થિક રીતે વધુ સદ્ધર બને અને ગામનું સીમતળનું પાણી સીમમાં રહે અને વ્યર્થ વહી ન જાય તથા વરસાદી પાણી અટકાવવા જાખોરાના ગ્રામજનો જાગૃત બન્યા છે. જાખોરા ગામે ખેતીવાડી અને પશુપાલન ક્ષેત્રે પણ સારી પ્રગતિ કરી છે.

ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી જી.પી. બ્રહ્મભટ્ટ, મનરેગા તથા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની યોજનાઓની મદદથી આ ગામમાં વધુ સારા કામો કરવા જણાવ્યું હતું.

જિલ્લા કલેકટર એસ.કે. લાંગાએ જણાવ્યું હતું કે, જાખોરા ગામે અધિક્ષક ઈજનેર મિસ્ત્રી, સુજલામ્ સુફલામ્ જળ અભિયાના જિલ્લાના નોડલ અધિકારી જે.એમ. માયત્રા અને તાલુકાના અધિકારીઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

રોટરી ઈન્ટરનેશનલમાં જશવંત ગાંધી આસિસ્ટન્ટ ગર્વનર નિમાયા

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના જાણીતા અગ્રણી રોટે. જશવંત ગાંધીની રોટરી ઈન્ટરનેશનલ ડિસ્ટ્રીકટ-૩૦૫૪ના ગર્વનર કેપ્ટન નિરજ સોગાનીએ ઝોન-૬ ના આસીસ્ટન્ટ ગર્વનર તરીકે વર્ષ ૨૦૧૮-૧૯ માટે નિમણુંક કરી છે. તેમના કાર્યક્ષેત્રમાં દહેગામ, માણસા, વિજાપુર અને કડી રોટરી કલબનો સમાવેશ થાય છે.

ગાંધીનગરમાં બાલકન-જી-બારી, જેસીઝ, રોટરી, વસાહત મંડળ, વૈષ્ણવ સમાજ જેવી અનેક વિવિધ પ્રવૃતિઓમાં સક્રિય એવા જશવંત ગાંધી હાલમાં ગુજરાત સરકારમાં ઠાકોર અને કોળી વિકાસ નિગમ તેમજ ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમના મેનેજીંગ ડીરેકટર તરીકે સેવાઓ આપીને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણમાં પ્રવૃતિશીલ છે, જે ગાંધીનગર માટે ગૌરવની વાત છે.

સમસ્ત રાજપૂત મહિલા સેવા ટ્રસ્ટ દ્વારા પસ્તીદાન મહાદાન યજ્ઞ

સમસ્ત રાજપૂત મહિલા સેવા ટ્રસ્ટ દ્વારા પસ્તીદાન મહાદાન યજ્ઞ શરુ કરવામાં આવેલ છે. તો ગાંધીનગર શહેરના સૌ સેવાભાવી નાગરીકોને રાજપૂત મહિલા સેવા ટ્રસ્ટ દ્વારા અનુરોધ કરવામાં આવે છે કે આપના બાળકોના જુના ચોપડા-ચોપડીઓ, તેમજ છાપા દાનમાં આપી પસ્તીદાન મહાદાનમાં સહભાગી થશો. આપ સૌ સેવાભાવી નગરજનોના ત્યાંથી મળેલ પસ્તી એકત્ર કરીને તેમાંથી મળનાર રકમના ચોપડા, નોટબુક, તેમજ પુસ્તકો ગરીબ પરિવારના બાળકોને વિતરણ કરવામાં આવશે. આ એક મહિલા સંગઠન છે અને દિકરી વધાવો, દિકરી પઢાવોના લક્ષ્ય સાથે આગળ વધી રહ્યું છે. જુના ચોપડા તેમજ પસ્તી આપવા માટે સંસ્થાના કાર્યાલય ખાતે રૂબરૂ ના આવી શકો તો નીચે દર્શાવેલ ફોન નંબર મો ૯૬૮૭૬ ૨૧૨૫૧, ૯૫૩૭૮ ૦૫૫૩૬ પર સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

સ્વ. ઈશાન સુભાષભાઈ દવે મેમોરીયલ ચતુર્થ ઓપન ચેસ ટુર્નામેન્ટનું આયોજન

ગાંધીનગર જિલ્લા ચેસ એસોસીએશન દ્વારા ૯ તથા ૧૦-૬-૧૮ દરમિયાન સ્વ. ઈશાન સુભાષભાઈ દવે મેમોરીયલ ચતુર્થ ઓપન ચેસ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ છે. ૯મીના રોજ સિનીયર ખેલાડીઓની ઓપન સ્પર્ધા (ભાઈઓ અને બહેનો બન્ને)નું આયોજન કરવામાં આવેલ છે, (૨) જુનીયર વિભાગમાં નવ વર્ષથી નીચેની વય, તેર વર્ષથી નીચેની વય તથા સોળ વર્ષથી નીચેની વય (ભાઈઓ-બહેનો)ની ટુર્નામેન્ટનું આયોજન ૧૦-૬-૧૮ના રોજ રાખવામાં આવેલ છે. ટુર્નામેન્ટનું સ્થળ જુના સચિવાલયની કેન્ટીન છે.

વિજેતા ખેલાડીઓને સિનીયર વિભાગમાં રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્રથી સન્માનીત કરવામાં આવશે, જ્યારે જુનીયર વિભાગમાં ટ્રોફી, રોકડ પુરસ્કાર તથા પ્રમાણપત્રથી સન્માનીત કરવામાં આવશે. ઓપન કેટેગરીના ચેમ્પીયન ખેલાડીને રૂ. ૨૧૦૦, રનર્સ અપને રૂ. ૧૫૦૦, ત્રીજા નંબરે રૂ. ૧૦૦૦, ચોથા નંબરે રૂ. ૮૦૦ અને પાંચમા, છઠ્ઠા અને સાતમાં ક્રમે રૂ. ૪૦૦ ઈનામ તરીકે રોકડ પુરસ્કાર આપવામાં આવશે. તેમજ અન્ડર-૯ વર્ષ, ૧૩ વર્ષ એ ૧૬ વર્ષની વય જુથના ખેલાડીઓના ચેમ્પિયન, રનર્સ અપ અને તૃતિય ક્રમે આવનારને ટ્રોફી તથા રોકડ પુરસ્કારમાં ચેમ્પીયન ખેલાડીને રૂ. ૭૦૦, રનર્સ અપને રૂ. ૫૦૦, ત્રીજા નંબરે રૂ. ૩૦૦, ચોથા નંબરે અને પાંચમા ક્રમે આવનાર ખેલાડીને ઈન્ટરનેશનલ ચેસ સેટ આપવામાં આવશે.

સફાઈનું કામ નિયમિત ન કરનાર મનપા પ્રજા પરનો સફાઈ વેરો માફ કરે : પિન્કી પટેલ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર મહાનગર પાલિકાના વાહનોનો દુરૂપયોગ કરવામાં આવી રહ્યાનો ગંભીર આક્ષેપ કોંગીના મહિલા કાઉન્સીલર પિન્કીબેન પટેલે કર્યો છે. તેમણે મેયરને પાઠવેલા પત્રમાં આ આક્ષેપ સાથે શહેરમાં સફાઈ પણ નિયમિત રીતે કરવામાં નિષ્ફળ મનપાએ પ્રજા પર લાદેલો સફાઈ વેરો માફ કરી દેવામાં આવે તેવી માંગ કરી છે.

ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં સફાઈની કામગીરી બાબતે ફરીયાદ કરેલ છે, તેની કામગીરીની ઘોર બેદરકારીના કારણે ગાંધીનગર શહેરમાં રોડની આજુબાજુ ગેરકાયદેસર દબાણના કારણે ગંદકીના ઢગલા થઈ રહ્યા છે. જે કામગીરી કરવામાં ગાંધીનગર મહાનગરપાલિકાની કામગીરી સદંતર નિષ્ફળ રહી છે. ગાંધીનગરની પ્રજાના માથે મિલ્કતવેરા, સફાઈ વેરા અને હવે વાહનવેરો ઉઘરાવી કામગીરી કરવા માટે પ્રજાને ધરમધક્કા સિવાય કંઈજ નથી. જો કાઉન્સીલરોનું જ ગાંધીનગર મહાનગર પાલિકામાં પ્રજાલક્ષી કામ કરવા માટે જેસીબી કે કોઈ વાહનની માંગણી કરવામાં આવે છે તો તમામ સ્ટાફ સરકારી કાર્યક્રમોમાં વ્યસ્ત રહે છે જે પ્રજા વેરા ભરે છે, તેનું કામ કરવા કે તેની કમ્પલેન સાંભળવાવાળુ કોઈ નથી. સફાઈવેરો છેલ્લા ઘણા સમયથી લેવામાં આવે છે પણ સેક્ટરોમાં સફાઈ કરવા માટે ગાંધીનગર મહાનગરપાલિકા ટેન્ડર પ્રક્રીયા કરવા માટે કોઈ જ કાર્યવાહી કરી રહી નથી. જો આમ જ કરવાનું હોય તો જ્યાં સુધી ગાંધીનગર મહાનગરપાલિકા આ કામગીરી કરી ન શકે ત્યાં સુધી સફાઈ વેરામાં માફી આપવી જોઈએ.

સરકારના જળસંચયના નામે ચાલતા આ તાયફામાં ગાંધીનગર મહાનગરપાલિકાના વાહનો જેસીબી, ટ્રક જે આપવામાં આવેલ છે તે કામગીરી મનપાની હદ બહાર કરવામાં આવી રહી છે સરકાર હસ્તકની છે જેમાં ગાંધીનગરની પ્રજાના પરસેવાની કમાણી તેમના કામ કરવાના બદલે આખા જિલ્લાનો વહીવટ જે ગાંધીનગર મહાનગરપાલિકા શાષકો કરી રહ્યા છે. અહીં ઘરના છોકરા ઘંટી ચાટે અને બાવાને આટો જે કહેવત છે, તે મુજબ હાલ ગાંધીનગર મહાનગરપાલિકાનો વહીવટ ચાલી રહ્યો છે.

આર્ટ ઓફ લીવીંગ સંસ્થા દ્વારા પાંચ દિવસીય શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૧૯

આર્ટ ઓફ લીવીંગ સંસ્થા દ્વારા આગામી તા. ૨૨ થી ૨૭ મે દરમિયાન સાંજના ૬.૩૦ થી રાત્રીના ૯ કલાક સુધી ૨, શિલ્પશ્રી સોસાયટી ધોળેશ્વર મહાદેવ માર્ગ, સ્વામીનારાયણ ધામ પાસે રાંદેસણ ગાંધીનગર ખાતે શિબિરનુ આયોજન કરવામાં આવ્યું છે.

આર્ટ ઓફ લીવીંગ સંસ્થા જે દુનિયાનું મોટામાં મોટું બિન સરકારી સેવાભાવી સંગઠન છે. તેના દ્વારા પાંચ દિવસીય શિબિર રાખવામાં આવેલ છે. આ શિબિરમાં તેલના ઉપયોગ વગર રોજબરોજની રસોઈ, વાત, પિત્ત, અને કફના દોષોને દુર કરતી રસોઈ, પાંચેય ઈન્દ્રિયોને સંતોષ આપે તેવી સ્વાદિષ્ટ અને સ્વાસ્થયપ્રદ રસોઈ શિખવવામાં આવશે. સમગ્ર શિબિર દરમિયાન ૨૦ થી ૨૫ રેલીપીજેમાં સુપ, જયુસ, પુડીંગ, પાસ્તા, હળવો નાસ્તો અને રોજબરોજની રસોઈ શિખવવામાં આવશે. આ શિબિરમાં ફકત વાનગીઓ પુરતો સિમિત નથી પરંતુ તેમાં આર્યુવેદિક જ્ઞાન અને રસોઈનું સંમિશ્રણ હોય સ્ત્રી અને પુરૂષ બંન્ને માટે આશીર્વાદ સ્વરૂપ છે. આ શિબિરની વધુ જાણકારી અને રજીસ્ટ્રેશન માટે ૯૭૨૩૧ ૬૮૨૦૪ પર સંપર્ક કરવા આર્ટ ઓફ લીવીંગના પ્રશિક્ષક સુરેશભાઈ પરમારે અનુરોધ કર્યો છે.

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત પાટનગરની મેડીકલ કોલેજ ખાતે અધિકારી-કર્મચારીઓનો મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૧૦ થી ૧૨ કલાક દરમિયાન યોજાયેલા આ મેડીકલ કેમ્પમાં ૪૦ થી વધુ મેડીકલ કોલેજના સ્ટાફના કર્મચારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી હતી.

ઓરી અને રૂબેલા રસીકરણ અભિયાન અંતર્ગત ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે કોર કમિટીની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા ૧૫ જુલાઈ-૧૮ થી ૧૫ ઓગષ્ટ-૧૮ દરમિયાન ૯ માસથી ૧૫ વર્ષથી ઓછી વય સુધીના અંદાજીત ૩,૬૭,૭૨૦ બાળકોને આવરી લેવામાં આવનાર છે. આ અંગે તા. ૧૯-૫-૧૮ના રોજ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીના અધ્યક્ષસ્થાને ઓરી અને રૂબેલા રસીકરણ અભિયાનની કોર કમિટીની મીટીંગ યોજવામાં આવી.

કોર કમિટીની મીટીંગમાં થયેલ ચર્ચા મુજબ આ અભિયાનમાં ૯ માસથી ૧૫ વર્ષથી ઓછી વય સુધીના તમામ બાળકો જેવા કે શાળામાં જતા અને ન જતાં ને આવરી લેવામાં આવનાર છે. આ કમિટીમાં જિલ્લાના જુદા જુદા વિભાગો જેવા કે પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક શિક્ષણ, આઈ.સી.ડી.એસ. વિભાગ, તથા રોટરી, રેડક્રોસ, પ્રાઈવેટ ડૉક્ટર એસોસીએશન તથા ડબલ્યુએસઓ, યુનિસેફ, યુએનડીપી સંસ્થાઓ, વિભાગોનો સહયોગ મેળવવામાં આવશે.

ઓરી અને રૂબેલા રસીકરણ અભિયાનમાં લોકસમુદાયનો સહયોગ મળે અને તમામ બાળકોને રસીથી રક્ષિત કરી શકાય તે માટે સઘન જનજાગૃતિની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે જેવી કે પોસ્ટર, પ્રસાર પત્રિકાઓ બેનર્સ, હોર્ડિંગ્સ, ભીંતસુત્રો, માતા મીટીંગો, ફળિયા સભા ચૂંટાયેલા પ્રતિનિધિઓ, લોકલ નેતાઓ, તમામ ધર્મના ધાર્મિક નેતાઓની તાલુકા કક્ષાએ મીટીંગ કરવામાં આવશે. તથા આશા, આંગણવાડી વર્કર અને ફિમેલ હેલ્થ વર્કર દ્વારા ઘરે ઘરની વ્યક્તિગત મુલાકાત દરમ્યાન ઓરી એક જીવલેણ રોગ છે. જે વાયરસ દ્વારા ફેલાય છે. બાળકોમાં ઓરીને લીધે વિકલાંગતા અને અકાળે મૃત્યુ થઈ શકે છે. જ્યારે રૂબેલા એક ચેપી રોગ છે જે વાઈરસ દ્વારા ફેલાય છે. તેના લક્ષણ ઓરી રોગ જેવા હોઈ શકે છે. તે છોકરા કે છોકરી બંનેને ચેપગ્રસ્ત બનાવી શકે છે. જો કોઈ સ્ત્રી ગર્ભાવસ્થાના આરંભિક તબક્કામાં તેનાથી ચેપગ્રસ્ત બને તો કંજેનિટલ રૂબેલા સિન્ડ્રોમ (સી.આર.એસ.) થઈ શકે છે. જે તેના અને નવજાત શિશુ માટે ઘાતક સાબિત થઈ શકે છે. જેથી ઓરી અને રૂબેલા રસીકરણ અભિયાનમાં તમામને સહયોગ આપવા અપીલ કરવામાં આવશે. ઓરી અને રૂબેલા રસીકરણ અભિયાનની ગામના છેવાડાના લોકો સુધી જાણકારી ફેલાય તે માટે આયોજન કરાયુ છે તેની જાણકારી આપી હતી એટલુ જ નહિ શાળાના પ્રિન્સિપાલ અને નોડલ શિક્ષકોની નિમણુંક કરી તાલીમ પણ આગામી દિવસોમાં અપાશે.

ગુજરાત સરકાર-નાસ્કોમ દ્વારા આઇ.આઇ.ટી. ગાંધીનગર ખાતે

સેન્ટર ઓફ એકસલન્સ ફોર ઈન્ટરનેટ ઓફ થિંગ્સ શરૂ કરાશે

રાજ્યના યુવા સ્ટાર્ટઅપને આઈ.આઈ.ટી. ગાંધીનગર-નાસ્કોમની જ્ઞાન તજ્જ્ઞતાનો લાભ ઘર આંગણે પ્રાપ્ત થશે

ગાંધીનગર, તા. ૧૯

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતીમાં ગુજરાત સરકારના સાયન્સ ટેકનોલોજી વિભાગના ગુજરાત સેન્ટર ઓફ એકસલન્સ, નાસ્કોમ અને આઈ.આઈ.ટી. ગાંધીનગર વચ્ચે સેન્ટર ઓફ એકસલન્સ ફોર ઈન્ટરનેટ ઓફ થીંગની સ્થાપના માટેના એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે. ભારત સરકાર દ્વારા આવા પાંચ સેન્ટર ઓફ એકસલન્સ દેશભરમાં શરૂ કરવાના ભાગરૂપે ગુજરાતે આ પહેલ કરી છે.

આ અંતર્ગત આઈ.આઈ.ટી. ગાંધીનગરના સહયોગથી ઈન્કયુબેશન સેન્ટર સ્થાપિત કરવામાં આવશે. આ સેન્ટર કાર્યરત કરવાનો મૂળભૂત હેતુ આરોગ્ય, ખેતી, ઉત્પાદન વગેરે ક્ષેત્રોમાં નવા ઈનોવેશન્સ માટે સ્ટાર્ટઅપ યુવાઓને વ્યાપક સુવિધા પ્રાપ્ત કરાવવાનો છે.

મુખ્યમંત્રીશ્રીએ આ સેન્ટરને ગુજરાત માટે ગૌરવ ઘટના ગણાવતાં કહ્યું કે, ગુજરાતની યુવા પેઢીમાં રહેલી ઊદ્યોગ સાહસિક ક્ષમતાથી યુવા સ્ટાર્ટઅપને આઈ.આઈ.ટી. ગાંધીનગર અને નાસ્કોમ જેવી આધુનિક જ્ઞાન સુવિધા સંપન્ન તજ્જ્ઞતાનો લાભ મળશે.

વિકસીત દેશોમાં આ પ્રકારના સેન્ટર ઓફ એકસલન્સ ફોર ઈન્ટરનેટ ઓફ થીંગ્સનો જે ખ્યાલ છે તે હવે ગુજરાતના યુવાઓને પણ ઘરે બેઠાં પ્રાપ્ત થશે.

અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે ગાંધીનગર આઈઆઈટી ખાતે આ સહયોગાત્મક પહેલ દ્વારા ડિજિટલ ટેકનોલોજીને અપનાવવામાં મદદ કરીને તેમજ સ્ટાર્ટઅપ્સને અતિ આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો લાભ પ્રદાન કરીને ગુજરાતના ઉદ્યોગોની સ્પર્ધાત્મકતા વધારવાનો પ્રયાસ કરાશે.

આ પહેલ એક એવા પ્લેટફોર્મની રચના કરશે જેમાં ઉદ્યોગથી લઈને શિક્ષણજગત સુધીના લોકો ઈન્ડસ્ટ્રી ૪.૦ માટે ડિજિટલ સોલ્યૂશન્સનું સહ-સર્જન કરી શકશે. નાસકોમ શ્રેષ્ઠતમ્ રિસર્ચ બજાર સુધી પહોંચાડવા માટે શિક્ષણજગત, કંપનીઓ, નીતિના રચયિતાઓને સાંકળતા સેતુની ભૂમિકા ભજવશે અને ટેકનોલોજી ઈન્ટરવેન્શન માટે યુઝ કેસિઝ પસંદ કરવામાં ઉદ્યોગજગત અને સરકાર સાથે ખભેખભા મિલાવીને કામ કરશે.

આ અવસરે નાસ્કોમના પ્રેસિડેન્ટ શ્રી ઘોષ, સાયન્સ ટેકનોલોજી સચિવ શ્રી ધનંજય ત્રિવેદી, મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અશ્વિની કુમાર અને વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

દર્દી સાથે અમાનવીય વર્તન થતા મામલો હવે પોલીસમાં

માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલા એક યુવકને શહેરના એલિસબ્રીજ વિસ્તારમાં ગુજરાત કોલેજ પાસે આવેલી હોપ ન્યુરોકેર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ત્રણ-ત્રણ મહિનાની લાખો રૂપિયાની સારવારમાં યુવકનો સમગ્ર પરિવાર લગભગ બરબાદ થઈ ગયો હોવાછતાં હોસ્પિટલ સત્તાવાળાઓ દ્વારા પૈસાની લાલચમાં આ જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહેલા આ દર્દીના પરિવારજનો સાથે અમાનવીય વર્તન કરી સારવારના ખર્ચની પઠાણી ઉઘરાણી કરે છે. અત્યારસુધીમાં ૧૨ લાખથી વધુ રૂપિયા ખર્ચાઈ ગયા હોઈ હવે પરિવાર વધુ આર્થિક બોજ ઉઠાવી શકે તેમ ના હોઈ દર્દીને સિવિલ હોસ્પિટલમાં લઈ જવાની વાત કરે તો, હોસ્પિટલ સત્તાવાળાઓ ધમકી આપી રૂ.પાંચ લાખના સારવાર ખર્ચની માંગણી કરતાં ઘાયલ યુવકની પત્નીને માનસિક અસર થઈ ગઈ છે તે ડિપ્રેશનમાં જતી રહી હતી. હોપ ન્યુરોકેર હોસ્પિટલ સત્તાવાળાઓના અમાનવીય વલણનો આ સમગ્ર કિસ્સો આજે પોલીસ સુધી પહોંચ્યો હતો. ગ્રાહક સુરક્ષા અને પગલા સમિતિના પ્રમુખ મુકેશ પરીખે આ સમગ્ર મામલે પોલીસ કંટ્રોલ રૂમ અને એલિસબ્રીજ પોલીસને જાણ કરી માનવતા નેવે મૂકનાર હોપ હોસ્પિટલ સત્તાવાળાઓ વિરૂધ્ધ ઉગ્ર દેખાવો યોજી કાયદાનુસાર કાર્યવાહી કરવા ફરિયાદ કરી હતી.

હરતી ફરતી ખાદ્ય પ્રયોગશાળા અમલી બનાવવાની વિચારણા

રાજયમાં હવે નાગરિકોને ઘરઆંગણે અને સ્થળ પર જ દૂધ, પાણી, તેલ સહિતની ખાદ્ય ચીજવસ્તુઓનું પરીક્ષણ કરી અપાય તે માટે હવે હરતી ફરતી ખાદ્ય પ્રયોગશાળાની સીસ્ટમ અમલી બનાવવાની સક્રિય વિચારણા હાથ ધરાઈ છે. પ્રાયોગિક ધોરણે આજે સુરતમાં ફુટ સેફટી ઓન વ્હીલ-હરતી ફરતી ખાદ્ય પ્રયોગશાળાનું રાજયકક્ષાના આરોગ્યમંત્રી કિશોર કાનાણીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજયના આરોગ્ય કમિશનર એચ.જી.કોશીયા, સ્થાનિક ધારાસભ્યો સહિતના મહાનુભાવો ખાસ હાજર રહ્યા હતા. કેન્દ્ર સરકાર (ફુડ સેફટી સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડિયા) દ્વારા રૂ.૪૦ લાખની કિંમતની અપાયેલી અદ્યતન અને હાઈટેક વાન(હરતી ફરતી ખાદ્ય પ્રયોગશાળા) મારફતે નાગરિકોને સ્થળ પર જ દૂધ, પાણી, તેલ સહિતની ખાદ્ય ચીજવસ્તુઓનું પરીક્ષણ કરી આપવામાં આવશે. રાજયના અન્ય જિલ્લા-તાલુકાઓમાં પણ આ પ્રકારની હરતી ફરતી ખાદ્ય પ્રયોગશાળાની સીસ્ટમ અમલી બનાવવાની દિશામાં પણ સરકાર દ્વારા વિચારણા થઈ રહી છે કે જેથી નાગરિકોને ઘરઆંગણે અને સ્થળ પર જ ખાદ્ય ચીજવસ્તુઓનું પરીક્ષણ અને પૃથ્થકરણ અપાશે. કેન્દ્ર સરકાર દ્વારા દેશના ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા, મધ્યપ્રદેશ, ચેન્નાઈ સહિતના સાત રાજયોમાં ફુડ સેફટી અને તેના કાયદાની સારી અને અસરકારક કામગીરી થઈ રહી છે ત્યાં આ હરતી ફરતી ખાદ્ય પ્રયોગશાળા આપવામાં આવી છે. આ અંગે રાજયના આરોગ્ય કમિશનર એચ.જી.કોશીયાએ જણાવ્યું હતું કે, આ અદ્યતન અને હાઈટેક હરતી ફરતી પ્રયોગશાળાથી હવે ફુટ સેફટી ઓન વ્હીલના કન્સેપ્ટ પર નાગરિકોને ઘરઆંગણે અને સ્થળ પર જ દૂધ, પાણી, તેલ સહિતની ખાદ્ય ચીજવસ્તુઓનું પરીક્ષણની સુવિધા પ્રાપ્ય બનશે. જેમાં નાગરિકોને દૂધમાં યુરિયા, ડિટર્જન્ટ સહિતના પાંચ પ્રકારના કેમીકલ-તત્વોની ભેળસેળ માલૂમ પડી જશે. એટલું જ નહી, ફુડ જયુશમાં સુગરનું પ્રમાણ કે અન્ય ભેળસેળ જાણી શકાશે. તો, નાગરિકોને પીવાનું પાણી આરોગ્યપ્રદ છે કે નહી અને તેમાં હાર્ડનેસ, બેઝીક કવોલિટી સહિતની બાબતો પરીક્ષણમાં જાણી શકાશે. આ સિવાય આ હાઈટેક વાનમાં તેલના ખાસ પરીક્ષણ માટે એક વિશેષ મશીન મૂકવામાં આવ્યું છે, જેના મારફતે ફરસાણના વેપારીઓ સહિતના વેપારીઓ તળેલા તેલનો એકથી વધુ વખત ઉપયોગ કરતાં હોય છે, જે નાગરિકોના આરોગ્ય માટે ગંભીર અને હાનિકારક બની રહેતુ હોય છે, તેથી તેના પરીક્ષણ મારફતે તેલની સ્થિતિ જાણી શકાશે. જો ૨૫ ટકાથી ટોટલ પોલરાઈઝ ઓફ કમ્પાઉન્ડ (ટીપીસી) વધુ હોય તો તેવું તેલ હાનિકારક હોય છે, તેથી આ પ્રયોગશાળામાં તેલનું પરીક્ષણ પણ સ્થળ પર જ થઈ શકશે.

ગુજરાતમાં અકસ્માતની સંખ્યામાં ૪૦ ટકાથી વધુનો ઘટાડો

અમદાવાદ, તા.૧૯

ગુજરાતમાં વાહન અકસ્માતોની સંખ્યામાં ૨૦૦૭ અને ૨૦૧૭ વચ્ચેના ગાળામાં ૪૦ ટકાથી વધુનો ઘટાડો થઈ ચુક્યો છે પરંતુ પ્રતિ ૧૦૦ ટ્રાફિક અકસ્માતોમાં મોતની સંખ્યામાં ઉલ્લેખનિય વધારો થયો છે. આ સંખ્યા ૩૧ ટકાથી વધીને ૩૮ ટકા સુધી પહોંચી ગઈ છે. એક્સીડેન્ટ ફેટેલિટી રેટમાં ઉલ્લેખનિય વધારો થયો છે. ૨૦૧૭ની વાત કરવામાં આવે તો ૨૦૧૭માં ૧૯૦૮૧ અકસ્માતો થયા હતા. જે પૈકી ૭૨૮૯ લોકોના મોત થયા હતા. આવી જ રીતે ૨૦૧૬માં ૨૧૮૫૯ અકસ્માતો થયા હતા. જેમાં ૮૧૩૬ લોકોના મોત થયા હતા. રાજય પરિવહન વિભાગ દ્વારા આપવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે ૨૦૦૭માં ગુજરાતમાં ૩૩૬૨૩ માર્ગ અકસ્માતો થયા હતા. જ્યારે ૨૦૧૭માં આ આંકડો ઘટીને ૧૯૦૮૧ ઉપર પહોંચ્યો હતો પરંતુ ૨૦૦૭માં માર્ગ અકસ્માતોમાં મોતનો આંકડો ૬૯૧૫નો રહ્યો હતો. જે ૨૦૧૭માં વધીને ૭૨૮૯ સુધી પહોંચી ગયો છે. એક અગ્રણી અંગ્રેજી અખબારમાં આ અંગેના અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યા બાદ સ્પષ્ટ થાય છે કે ગુજરાતમાં માર્ગ અકસ્માતોમાં ફેટેલિટીનો આંકડો સતત વધી રહ્યો છે. અધિકારીઓના કહેવા મુજબ પ્રતિ ૧૦૦ અકસ્માતોમાં મોતનો આંકડો છેલ્લા પાંચ વર્ષના ગાળામાં ૩૦ થી વધીને ૩૮ ઉપર પહોંચ્યો છે. ફેટલ અકસ્માતોમાં આંકડો ટુ વ્હીલર્સનો વધારો રહ્યો છે. જોકે જોખમી હોવા છતાં ટુ વ્હીલર્સની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. જાણકાર લોકોનું કહેવું છે કે ગુજરાતમાં જુદા જુદા વર્ષના ગાળા દરમિયાન ઘાયલ થયેલા લોકોની સંખ્યા પણ વધી છે.